**ક્રિમીનલ કેસ નં:– 902/2021**

**આંક:– ૧ લગત હુકમ:–**

**(૧).** આ કામના આરોપી સામે ઈ.પી.કો.કલમ–૨૮૩ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે. આ કામે આરોપી સામે તદ્દન નજીવા ગુનાનુ તહોમત હોવાથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૩ની જોગવાઈ આધારે,આરોપીને ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૬ મુજબનો સમન્સ ઈશ્યુ કરેલ. જેથી આરોપી પોતે કોર્ટમાં હાજર થયા વિના ગુનાની કબુલાત કરવા માંગતા હોવાથી, તેઓએ ગુના અંગે કબુલાત પુરશીશ આપેલ છે, તથા પ્લી/નિવેદનમાં પણ સહી કરી આપી સમન્સ સાથે રૂા.૧૦૦/– નો દંડ મોકલી આપેલ છે.

**(૨).** આરોપીની કબુલાત પુરશીશ વંચાણે લેતાં, આરોપીએ રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ માણસ છે અને તેઓના માથે કુંટુંબના નિર્વાહની જવાબદારી છે. તેઓનો આ પ્રથમવાર ગુનો છે અને હવે પછી આવો ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ કરવા જણાવે છે. એ.પી.પી.શ્રી એ આરોપીને કાયદા મુજબની થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

**(૩).** આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતા ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છુ.

**હુ ક મ**

આરોપીને ઈ.પી.કો.કલમ–૨૮૩ મુજબના ગુના માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે કસુરવાર ઠરાવી ૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા) દંડ કરવામાં આવે છે.

સદર હુકમ આજ તા ૧૨ મી માહે માર્ચ, સને ૨૦૨૨ ના રોજ સ્પેશીયલ સીટીગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામ:– અમદાવાદ.
તા. ૧૨ / ૦૩ /૨૦૨૨.

(સી.જે.પટેલ)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૨.અમદાવાદ.
કોડ નં. જીજે.૦૧૦૫૬.